SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 40. વાગડપંથકનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

*રબારી મોતીભાઈ ગોવિંદભાઈ*

**પ્રસ્તાવના**

લોકસાહિત્યએ લોકોના જીવન, તેમની સંસ્કૃતિ અને પરંપરાઓના સાહિત્યિક અને મૌખિક અભિવ્યક્તિઓનો એક શ્રેષ્ઠ સ્વરૂપ છે. તે મૂળભૂત રીતે પ્રજાજનોના જીવન સાથે જોડાયેલી કથાઓ, ગાથાઓ, ગીતો, કહેવતો, લોકકથા, લોકગીતો અને રચનાત્મક અભિવ્યક્તિઓનો સમુચ્ચય છે, જે સામાન્ય લોકો દ્વારા રચવામાં આવે છે અને પેઢી થી પેઢી મૌખિક રીતે પરંપરા રૂપે વહેંચાય છે.

દુનિયાની દરેક ભાષામાં તેનું પરંપરાપ્રાપ્ત કંઠસ્થ સાહિત્ય હોય છે. ભારતીય ભાષાઓ તેમાં અપવાદ નથી. તેમાં કંઠસ્થ સાહિત્યની સુદીર્ઘ સમુદ્ધ પરંપરા છે. ગુજરાતીનું કંઠસ્થ સાહિત્ય પણ સત્વ, ઈયતા અને વૈવિધ્યની દષ્ટિએ સમુદ્ધ છે. તેમાં પ્રત્યેક પ્રદેશમાંથી અમુક આગવી મુદ્રા ધરાવતુ કંઠસ્થ સાહિત્ય પ્રાપ્ત થાય છે.

બ.ક. ઠાકોરે 'કઠસ્થ સાહિત્ય 'ઊર્મિબદ્ધ સૌદર્યકણોનો ફુવારો' કે 'સૌંદર્યબિંદુઓનું અનિશ્ચિત પ્રવાહી મનસ્વી આકૃતિમય વાદળ' કહીને નવાજેલ છે. આ લોકવાણીમાં એમને 'ચિત્તવેધા' ઉપરાંત 'માનવજીવનને સાર્થક' કરી દેનારી ઉદાત્ત ભાવનાઓ રમણા રમતી હોય એવી લીલા લાગેલ છે.', વિશાળ એવા ભારતખંડે પોતાના ખોળામાં અનેક પ્રાંતોને બેસાડ્યા છે.

એક માતાના ખોળે બેસનાર પુત્રોમાં કેવી વિવિધતા હોય ! એવી જ વિવિધતા ગુજરાત રાજ્યમાં પણ જોવા મળે છે. દરેક પંથકને પોતાના ઇતિહાસ, સંસ્કૃતિ આદિમાં વિશિષ્ટતા હોય છે અને એટલે જ તો દરેક પ્રદેશની પ્રજા તેની પ્રાદેશિકપ્રતિભાને લઈને જીવતી હોય છે.

વિસ્તારની દષ્ટિએ વિશાળતા ધરાવતા કચ્છ જિલ્લાના ભચાઉ અને રાપર તાલુકાઓનો પટ્ટો એટલે 'વાગડ'. આ વાગડ પંથક પણ પોતાની આગવી ઓળખ ધરાવે છે. અનેક ખાસિયતોને લીધે વાસ્તવિક ઘટના જેવો બની ગયો છે.

**વાગડપંથકનુંલોકસાહિત્યલોકસાહિત્ય એ અહીં અભણ – નિરક્ષર અને અર્ધશિક્ષિત તેમજ ગ્રામીણ લોકોનું લોકસાહિત્ય. જેમાં વાગડ પંથકના લોકોએ પોતાના લોકસાહિત્યને પોતીકાપણાના ભાવથી સાચવી રાખ્યું છે. જેનું મુક્તમને, ખુલ્લા દિલથી પોતાના લહેકામાં અન્ય સમક્ષ પીરસીને તેનું જતન કર્યું છે. દરેક સમાજનાં લોકો પાસેથી આવું કંઠસ્થ સાહિત્ય મળી આવતું હોય છે. પ્રદેશ જ્ઞાતિ, પ્રસંગ અને સમય પ્રમાણે સતત બદલાતું રહે છે એટલે કે પરિવર્તનશીલ છે એટલું જ નહિ તે લોકોનું સહિયારું સર્જન છે. વાગડ પંથકના લોકો કાગળ કે પેન પકડ્યા વિના હૈયામાંથી ઊભરતાં પોતાની લાગણીઓ, વ્યથાઓ, હર્ષ-ઉલ્લાસ અને આનંદ સાથે લોકસાહિત્ય દ્વારા રજૂ કરતાં હોયછે.**

❖ **વાગડપંથકનીરાસ**

રાસમાં કૃષ્ણભક્તિ પ્રાચીનકાળથી ચાલતી આવી છે તો વિરાટ પ્રકૃતિને આદ્યમાતા જગત જનની તરીકે પુરાણકાળથી સ્વીકારવામાં આવી છે."મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે જૈન સાધુ કવિઓને હાથે ખેડાયેલો અને વિકસેલો પદ્ય પ્રકાર છે. મૂળમાં 'રાસ' એક નૃત્ય પ્રકાર હતો.

ઢોલી તારા ઢોલની મનોહર બોલી :

"ઢોલી! તારા ઢોલની મનોહર બોલી, વ્રજવાણીના રે હો ઢોલી! ઢોલી! તારે ઢોલડે મધુર રસ પાયાં, મનડાં મારાં રે મોહાયાં, ઢોલી! તેં તો પ્રેમની પરબડી ખોલી, વ્રજવાણીના રે હો ઢોલી! ઢોલી! તારાં ઢોલડાં ધનાધન વાગ્યાં, ઝબકી હૈડાં રે હો જાગ્યાં ઢોલ મારે ઢળકતી ઢેલડી ડોલી, વ્રજવાણીના રે હો ઢોલી! ઢોલી! તારે ઢોલડે મન હરિ લીધાં, કામણ કેવાં રે હો કીધા! તાન મહી વ્રજ વનિતા તરબોળી, વ્રજવાણીના રે હો ઢોલી!

**ભોળી આયરાણી :**

"ભોળી આયરાણી કાના ગુણલા ઘરેણા માથે છે.
મોહન તારી મેરૂ રે લોલ... વ્રજવાણીમાં ઢોલને વગાડ જે રે લોલ

વ્રજવાણીમાં રાસ આજ જામ્યો રે લોલ.

**વા'લુવ્રજવાણી ધામ :**

"વા'લું વ્રજવાણી ધામ, વાલી ગોપિયું રે લોલ તેથી વાલો છે મારો કાન જો, વ્રજવાણી લાગે મને સોહામણું રે. રાધાને કાન અહીં શોભતા રે લોલ સાથે શોભે પાળિયા સાત વીસજો વ્રજવાણી લાગે.... બાળ રે બાબુ કાના તમને વીનવે રે લોલ ઊજળા રાખજે આહીરોના નેહ જો આ રાસમાં વાગડ ભૂમિની મહેક જોવા મળે છે. વ્રજવાણી ગામની શોભા સમાન રાધા-કૃષ્ણના મંદિરનો મહિમા આ રાસમાં ગવાયો છે. વ્હાલુ વ્રજવાણી ધામ, ગોપીઓ અને એનાથી વધારે વ્હાલો કાનુડો. આ ધામમાં કાનાનું મંદિર શોભે છે

વાગડ પંથકમાં આવા તો અનેક રાસો કંઠસ્થ સ્વરૂપે ગવાય છે જેમાં ભક્તિરૂપી પ્રેમ આપણને જોવા મળે છે સાથે સાથે ભારતીય સંસ્કૃતિનું જતન પણ કરી રહ્યાં છે.

❖ વાગડપંથકનાદુહા

**દુહો એ આપણાં મુક્તકનો જ પ્રકાર છે. છેક નવમી-દસમી સદીથી માંડીને આજ સુધી બહુજન સમુદાયને આકર્ષતું સ્વરૂપ છે અને આમ જોઈએ તો દુહો એ છંદનું નામ છે. પરંતુ જતાં દિવસે એ સ્વરૂપ વાચક બની રહ્યું છે. દુહામાં સહજતા અને સરળતા સાથે સાક્ષીભૂત પ્રતીતિને સાંકળવાની હોય છે. ભાષાનું બળ, રસની ધનતા, પ્રસાદ, સધપ્રકાશ, મસ્તી, શબ્દલાધવ, આકાર ઉચ્ચાર વગેરે બાબતો કંઠસ્થ સાહિત્યના દુહામાં સહજ રીતે આવે છે. મિતાક્ષરીતા અને શબ્દલાધવ એમાં એક યા બીજાં સ્વરૂપે આવ્યાં વિના રહેતા નથી માટે જ 'દુહો' એ દસમો વેદ કહેવાય છે.**

**"વંકા કુંવર વિકટ ભડ, વંકા વાડીએ વચ્છ: "વંકા કુંવર તર્ડે થીએંજ, પીએ પાણી કચ્છ.".**

**કચ્છ એટલે કાચબો અને આ વિસ્તારનો આકાર કાચબા જેવો છે. તેથી તેને કચ્છ તરીકે ઓળખવામાં આવે છે. જે ભૂમિ પ્રદેશ બે બાજુ રણ અને એક બાજુ દરિયાથી ઘેરાયેલો પ્રદેશ જેમાં ઘણી વખત કુદરતી હોનારત, આફતો વારંવાર આવતી રહી છે તેમ છતાંય આ ધરતીના માઢુડા ક્યારેય હિંમત હાર્યા નથી તેનો પુરાવો ઉપરોક્ત દુહામાં જોવા મળે છે.**

**'દાઢીએ ઝાઝા કાતરા, કાખે ઝાઝા કેશ;**
**ચૂંથ્યાપીખ્યા લૂગડાં, ફુડે વાગડ દેશ'**

**કચ્છ પ્રદેશનું ઈશાન ખૂણે સાવ નાના રણને અડીને આવેલો વાગડ પંથક ત્યાંનુ વાતાવરણ ભૌગોલિક દષ્ટિએ જોતાં પણ ખૂબ જ સૂકું છે. કુદરતી ગાંડા બાવળ જ વધારે જોવા મળે છે અને ત્યાંની પ્રજા પણ તે ભૌગોલિક પ્રદેશને આધીન ખડતલ અને મહેનતું રહી છે. આવા સૂકા પ્રદેશમાં પણ પ્રજા ક્યારેય હિંમત હારી નથી. સતત મહેનત મજૂરી કરી પોતાનું જીવન ગુજારો આનંદિત અને પ્રફુલ્લિત રીતે હંમેશા કરતી રહી છે.**

**ઉપરોક્ત દુહામાં વાગડ પંથકનાં લોકોની ગરીબીનું ભારોભાર વર્ણન કરવામાં આવ્યું છે. આ પંથકનાં લોકોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે દાઢી પણ મોટી છે જેના કારણે દાઢીયે કાતરા પડયા છે. કાખ (બગલમાં) કેશ (વાળ) મોટા છે અને તેમના પરિવારના બાળકો પણ ફાટયા તૂટ્યા કપડાં પહેરે છે.**

**"કહાં જાયા કહાં ઉપના, કહાં લડાયા લાડ**
**સાજન ઈસ શરીર કા, કહાં ગિરેગા હાડ"**

**ઉપરોક્ત ઉદાહરણ મુજબ અનેક દુહાઓનું ખેડાણ જોવા મળેછે.**

❖ વાગડપંથકનાલોકગીત

લોકગીત એ મૌખિક પરંપરાથી ચાલ્યું આવેલું છે અને મૌખિક પરંપરા એટલે વણલખ્યા એકથી બીજા અને બીજાથી ત્રીજી વ્યક્તિના કંઠોપકંઠ સચવાયા હોય અને જૂની પેઢી પાસેથી નવી પેઢી સંસ્મરણ શક્તિમાં મઢી લેતી એટલે કે પેઢી દર પેઢીથી સચવાતું આવેલું છે. આથી કહી શકાય કે 'લોકગીત'ના મૂળ કેટલા ઊંડા પડ્યા છે તે જાણી શકાતું નથી. લોકગીતને મોટું વૃક્ષ માની શકાય પણ તેનું મૂળ શોધવું એ એક કઠીન (અશય) બાબત છે. લોકગીતનો ઉદભવ ક્યારે થયો તેના વિશે ડૉ.બળવંત જાની નોંધે છે કે, "ગૂફાઓમાં રહેતા માનવમાં જ્યારે ભાવનાઓના અંકૂરો ફૂટ્યા હશે, બુદ્ધિ વિક્સી હશે અને અભિવ્યક્તિ શક્ય બની હશે ત્યારે સૌપ્રથમ લોકગીત ઉદ્ભવ્યું હશે.

આથી કહી શકાય કે લોકગીતએ જંગલી વૃક્ષ જેવું છે કે, જેના મૂળિયા ભૂતકાળ સાથે જોડાયેલા હોવાછતાં તેને નવી નવી શાખાઓ, નવી ડાળો ફૂટે છે તેમજ નવાં નવાં પર્ણો અને ફળફળાદિ આવતાં રહે છે. લોકગીત એ ગેયતાવાળું છે. તેમાં શબ્દની સાથે સંગીત ભળ્યું છે. શબ્દ અને સ્વર તેને જીવરસ બક્ષે છે તેમાં રાગ અને સ્વર લહરીઓથી પ્રભાવિત કરે છે.

**(૭૧) વાગડ જાવું :**

"સાહયબા સડકયું બંધાવ, એ વાગડ જાવું
વાગડ જાવું મારે ભુજ શે'ર જાવું
વાગડ જાતા મને તડકારે લાગે

ઉપરોક્ત લોકગીતમાં કચ્છ ધરાની વાગડ ભૂમિનું વર્ણન કરવામાં આવ્યું છે. આ લોકગીત બહુ જ જૂનું છે જ્યારે વાગડ પંથકમાં જવા માટે પાકા રસ્તાઓ ન હતા, પાણી પીવા માટે કોઈ વ્યવસ્થા ન હતી આરામ કરવા માટે કોઈ વૃક્ષ ન હતા અને ભોજન માટે કોઈ વેવસ્થા ન હતી ત્યારનું આ લોકગીત છે જે તેની દરેક પંક્તિઓ ઉપરથી સાબિત થાય છે.

**દાદા હો દીકરી**

"દાદા હો દીકરી વાગડમાં ના દેજો રે સૈ,
વાગડની વઢિયારી સાસુ દોહ્લલી રે
દાદા હો દીકરી....
સંદેશો અમારો એ અમે રે પંખીડા...

આમ, વાગડ પંથકનાં માનવીઓ બહુ જ હેતાળા, હૂંફ આપનારા વચન પાળનારા જોવા મળે છે. આ પંથકના લોકો આર્થિક રીતે ગરીબ છે પરંતુ માનવતા ખીચોખીચ ભરેલી જોવા મળે છે.

આ ઉપરાંત "ગોરાસરના પાણી છોડી હેમલી રે હાલી, સોના રૂપાના રે વીરા મારા બેડલા રે, ગાયુની વારે ચડ્યો વેણવો રે, મન લેરિડા તન લેરિડા મને લઈ જા વાગડ દેશમાં, પિયુ પરદેશથી શું લઈ આવ્યા, વડની વડવાઈએ હમીર બાધ્યો છે હીંચકો, રેડિયામાં બોલે શ્રી નાથજીનો મેળો, ચકાસરની પાળ માથે ઢોલીડા ધ્રુસકે"વગેરે વાગડ પંથકમાં કંઠસ્થ સ્વરૂપે ગવાતાં લોકગીતો છે.

❖ **વાગડ પંથકમાં ગવાતાં હાલરડાં :**

કંઠસ્થ સાહિત્યમાં પદ્ય સ્વરૂપે લોકગીત અને આ લોકગીતમાં હાલરડાં. હાલરડાં એ માતા દ્વારા બાળકને, બહેન દ્વારા ભાઈને સુવાડવા (પોઢાવવા) ગવાતાં કે પછી વૈષ્ણવ મંદિરમાં બાળકૃષ્ણને ઝુલાવાતા હાલરડાં ગાવામાં આવે છે. દરેક પંથકમાં અલગ અલગ બોલી લહેકામાં ગવાતાં હાલરડાં જોવા મળે છે

ફલવાડી ફલવાડી શું કરશો બાઈઓ :

"ફલવાડી ફલવાડી શું કરશો બાઈઓ
મારો વીર તો ફરશે ફલવાડી

માનવ જીવનમાં જન્મથી મૃત્યુ સુધી સંસ્કાર વિધિઓ જોવા મળે છે. જેમાં જન્મ, લગ્ન અને મૃત્યુ. આ ત્રણેયમાં લગ્નપ્રસંગ જ બહુ આનંદોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. લગ્ન એક સામાજિક સંસ્થા છે અને એમાં સામાજિક સંસ્કાર વિધિ કરવામાં આવે છે. બીજુ એમા બે જુદા રહેલ પવિત્ર આત્માનું મિલન કરવાનો પ્રસંગ માનવ સમાજ બહુઆનંદિત થઇ ઉજવે છે

બેન તો પૂછે દાદાજી મોરા સગપણ ક્યાં કિધાં
દીકરી ઊંચા બંગલા ત્યાં તિજોરી તાજીને રોશની તાજી
તમે જોઈને થાઓ રાજી બેન તો પૂછે...

**નઈ ઉપરોક્ત સગાઈ ગીતમાં દાદા પછી કાકા, મામા અને ભાઈનું નામ લેવામાં આવે છે.**

"ચાલો રે ગણેશ તમે ભેળા ભેળા ચાલો રે,
તમારા વિના ઘડિયે ન ચાલે ગણેશ દેવતા
ચાલો રે ગણેશા...

**આ ગણેશ સ્થાપનાનું લગ્નગીત વાગડ પંથકમાં પટેલ સમાજમાં ગવાય છે.**

**પોહલી ભરતી વખતે ગવાતાં લગ્નગીતો :**

"હાથની હથેળી બેનની ધળધળ ધ્રુસકે,
હૈયામાં હિંમત રાખો મીનાબાઈ હજીએ કુવારા
નાના હતા ને રમતા દાદાની ડેલિયે

**પીઠી વખતે ગવાતાં લગ્નગીતો :**

"પીઠી પીઠી કરજો રે પીતરાણી
પીઠીયે વીર તો પીરૂડા કેવરાશે

**લગ્નના ફેરા વખતે ગવાતાં લગ્નગીતો :**

લગ્નની વિધિઓમાં હસ્તમેળાપ, વરમાળા, છેડાગાંઠન અને મંગલફેરા વિધિ મહત્ત્વની છે. લગ્નમાં ઉપસ્થિત સૌ માણસોની હાજરીમાં કે સાક્ષીમાં વર-કન્યા ચાર ફેરા ફરે છે. એ વખતે લગ્નગીત ગવાય છે. કે ....

"પેલું પેલું મંગળિયું વરતાઓ રે
પેલે મંગળ ભૂમિનું દાન દેવરાય રે

આ કન્યા વિદાયનું ગીત વાગડ પંથકમાં કોળી સમાજમાં ગવાય છે. આમ, વિવિધ પ્રસંગ અનુરૂપ લગ્નગીતો વિવિધ સમાજ દ્વારા ગાવામાં આવેછે.

**વાગડ પંથકમાં ગવતાં મરસિયા :**

લોકસાહિત્યમાં લોકગીત. લોકગીતમાં મરસિયા અને મરસિયા એટલે મૃત્યુ પામનાર વ્યક્તિ માટે શોક (દુ:ખ) ની લાગણી પામનાર વ્યક્ત કરવામાં આવે છે

"દન ઉગ્યો એમ ચ્યો ઘેરે આવો રૂડા રાજવિ...
હરિયો રાજવિ... હાય,હાય, હાય...

વાગડપંથકની દંતકથાઓ અને લોકવાર્તાઓ

વાગડ પંથકની દંતકથાઓ અને લોકવાર્તાઓ . તપાસીએ તો, લોકમુખે કહેવાતી કથા એટલે 'દંતકથા'. આ દંતકથા સનાતન સત્ય પણ હોઈ શકે અથવા કાલ્પનિક પણ હોઈ શકે. દુલેરાય કારણીએ નોંધેલ તે પ્રમાણે 'પાંડવો વાગડ પંથકના વિરાટ નગરી જે હાલના ગેડી મુકામે ગુપ્તવાસ માટે આવ્યા હતા ત્યારે રાજા વિરાટે તેની દીકરી ઉત્તરાના લગ્ન અર્જુનના દીકરા અભિમન્યુ સાથે કરાવ્યા હતા. જેનું ગૌરવ વાગડ પંથકના લોકો આજેય પણ અનુભવી રહ્યાં છે.

બીજી દંતકથા રવેચીનગરમાં રવેચી માતાના મંદિરે અનેક ભૂતડાઓ હતા. જેથી કોઈપણ વ્યક્તિ ત્યાં રાતવાસો કરતા નહીં ત્યારે અમરજતીબાપુએ રવેચી માતાના સાનિધ્યમાં શતવાસો કરી વિવિધ મંત્રી દ્વારા ભુતડાઓને નાગપાસમાં બઆધ્યા હતાં. જેની વિગતે આગળના પ્રકરણમાં ચર્ચા કરેલ છે.

પ્રાંજલિ પટેલના મતે લોકવાર્તા એટલે જોડી કાઢેલી, કાલ્પનિક, ઐતિહાસિક હકીકત્તપર આધારિત વર્ણનાત્મક વૃતાંત ધરાવતું કોઈ પ્રસંગનું સળંગ અને રસમય વર્ણન તેને 'લોકવાર્તા' કહે છે.

વાગડ પંથકમાં 'નાગમતી અને નાગવાળા'ની લોકવાર્તા કહસ્થ સ્વરૂપે સાંભળવા મળે છે. કહેવાય છે કે, પ્રેમ આંધળો છે એટલે કે પ્રેમ જ્ઞાતિ, જાતિ ઊંચ-નીચ જોતો નથી. તેનું ઉદાહરણ નાગમતી અને નાગવાળામાં જોવા મળે છે. નાગમતી અને નાગ બંને એકબીજાને અનહદ પ્રેમ કરે છે પરંતુ લગ્ન કરી શક્તા નથી. જેમાં સામાજિક માળખુ જવાબદાર જોવા મળે છે અને અંતમાં આ બંને પ્રેમીઓ મૃત્યુને સ્વીકારી લે છે. જેનો ઇતિહાસ આજેય પણ કંઠસ્ય સ્વરૂપે સાંભળવા મળે છે.

**વાગડપંથક ના પાળિયા**

વાગડ પંથકમાં એકપણ ગામ એવું નહી હોય કે જયાં પ્રાળિયા ન હોય. ડૉ.અમૃત પટેલનો પાળિયા શબ્દની ઉત્પતિ અંગે મત જોઈએ તો, 'પાળિયો શબ્દ સંસ્કૃત 'પાલિ' શબ્દ પરથી ઊતર્યો છે. પાલિ એટલે 'પ્રસંશા' કે 'ચિહ્નન' એવો અર્થ ગણાય છે.

વાગડ પંથકમાં મિત્રધર્મ નિભાવવા જતા વાઘાબારીનો પાળિયો અને વીર ભમો ભાલારાનો પાળિયો, આશ્રય ધર્મને નિભાવવા જતા વીર વનાજીનો પાળિયો, દુષ્કાળના કપરા સમયમાં પોતાના ગામના લોકો માટે અનાજ પૂરું પાડવા જતા વીર ચાંદોજીનો પાળિયો, જાનને લૂંટતી બચાવવા જતા ઢેલીનો પાળિયો, કલાઓ યા ઢેલીની પાછળ એકસો ચાલીસ આહીરાણીઓ કે દીકરીઓના પાળિયા, પોતાના માટે તો બધા પ્રાણ આપે પરંતુ વાગડ પંથકમાં તો બીજાઓના માટે પોતાના લીલુડા માથાના બલિદાનો આપ્યાના ઇતિહાસ જોવા મળે છે. જેમાં આઈ દેવલબાઈનો પાળિયો વગેરે આવી અનેક ઘટનાઓની વીરતાની વાતો કરતા આજેય પણ આ વાગડપંથક ઉભા છે.

❖ **વાગડ પંથકની લોકસંસ્કૃતિ**

વાગડ પંથકમાં હિન્દુ અને મુસ્લિમ એમ મુખ્ય બે ધર્મમાં વિભાજીત છે અને અનેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓ અસ્તીત્વ ધરાવે છે. જેમાં કોળી, રાજપૂત, ક્ષત્રિય (દરબાર) રબારી, ગઢવી, ભરવાડ, આહીર, પટેલ, લોહાણા, બારોટ, બ્રાહ્મણ, પ્રજાપતિ, માલી, લોહાણા, વાળંદ, જૈન અને દલિત વગેરેનો સમાવેશથયેલ છે.

વાગડ પંથકની જ્ઞાતિઓના રીતરિવાજોમાં બાળકના જન્મ પછી તેને ગોળ ચટાડવામાં આવે છે તેને 'ગળથૂથી' કહે છે. બાળકના જન્મબાદ કુટુંબને આભડછેટ લાગું પડે છે. તેને 'પઢરું' કહે છે. બ્રાહ્મણ, લોહાણા જેવી ઉચ્ચજ્ઞાતિઓમાં યજ્ઞોપવિતની વિધિઓ થાય છે. આ યજ્ઞોપવિત ધારણ કર્યા બાદ બાળકને 'બટુક' કહેવામાં આવે છે. કન્યાના લગ્ન વખતે ગણેશ સ્થાપનાની વિધિ કરી માંડવો રોપે છે. તથા ખેતરપાળનું પૂજન કરે છે અને પછી જ માણેકસ્તંભ રોપાય છે. ક્ષત્રિય (દરબાર) માં પરંપરા મુજબ વરની તલવાર કન્યાના ઘરે જાય છે. તેને 'ખાંડું' કહે છે કન્યા ખાંડું સાથે ત્રણ ફેરા ફરે છે. પછી તેની સાસરી પક્ષમાં ધર્મનો ભાઈ બનાવી તેને ઘરે આવી ચોથો ફેરો વિધિપૂર્વક વરરાજા સાથે ફરે છે. જે આ ક્ષત્રિય (દરબાર) સમાજની અને આગવી વિશેષતા જોવા મળે છે. વાગડ પંથકના કોળી સમાજમાં કન્યાના નાના કાકા પાસે ફેરાની વિધિ કરાવવામાં આવે છે જે આ જ્ઞાતિની આગવી વિશેષતા જોવા મળે છે.

વાગડ પંથકના લોકોના પહેરવેશમાં વિવિધતા જોવા મળે છે. ત્યાંના માલધારીઓ પોતાના દીકરા કે દીકરીઓના લગ્ન મૂળ પોશાકમાં જોવા મળે છે. જે આ પંથકના લોકોની આગવી વિશેષતા જોવા મળે છે.

વાગડ પંથકના રાજવી પરિવારમાં મોમાઈ, વાઘેશ્વરી, રવેચી, હિંગળાજ માતામાં શ્રદ્ધા ધરાવે છે. માલધારી સમાજ ભગવાનશ્રી કૃષ્ણ, વડવાળા, વાળીનાથ, ગોગામહારાજ તથા અન્ય દેશી શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે.

વાગડ પંથકમાં અષાઢીબીજ, નાગપાંચમ, શીતળા સાતમ, જન્માષ્ટમી, હોળી, અખાત્રીજ, શિવરાત્રિ વગેરે જેવા ઉત્સવો ઉજવાય છે. તેમજ ભાતીગળ લોકોમેળાઓનું વિશેષ મહત્ત્વ રહેલું છે. કચ્છીઓનું નવું વર્ષ અષાઢી બીજથી શરૂ થાય છે. જે વાગડ પંથકના બંધુઓમાં ખૂબ જ મહત્ત્વ રહેલું છે.

વાગડ પંથકના રાપર તાલુકાના રવ ગામમાં આવેલ રવેચી માતાનું મંદિર મહાભારતના પાંડવોના ઇતિહાસ સાથે સંકળાયેલો છે જે આજેય પણ રવેચીમાતાની પૂજા અર્ચના તેમજ ભાતીગળ લોકમેળો ભરાય છે. વાગડ પંથક સૂકો અને પથરાળ તેમજ રણ હોવાથી સખત ગરમી અને ઠંડી અનુભવાય છે. એક દંતકથા મુજબ રવેચી માતાએ ભૂવાને કોલ આપીને શિયાળામાં ફેકાતો ઠંડો પવન સાંજે સંધ્યાના સમયથી સવારે પ્રભાતના સમય સુધી આ ઠંડા પવનને બંધ કરી માલઢોરનું ઠંડી સામે રક્ષણ કર્યું. જે આજેય પણ આ ચમત્કાર કે કોલની વિશેષતા જોવા મળે છે.

ભારતીય આધ્યાત્મિક્તાનો લોકભાગ્ય પ્રવાહ એટલે ભજન. આ ભજન બ્રાહ્ય યાત્રાની સાથે સાથે આંતર યાત્રા પણ કરાવે છે. ભજનએ સંત ભક્તોનું ગેય ઊર્મિકાવ્ય છે. ભજનની પ્રથમ સાખીથી માંડીને ધ્રુવ પંક્તિથી આગળ નામચરણ સુધી સર્જક પોતાનું નામ, ગુરુનું નામ અને ભજનનો ભાવ પ્રગટ કરે છે.

**સંદર્ભગ્રંથો**


(૧) 'ગુજરાતી લોકસાહિત્યવિમર્શ', બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. પ્રથમ આ. ૨૦૧૦

(૨) કચ્છડો બારે માસ', દુલેરાય કારાણી, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ. પ્રથમ આ. ૨૦૧૬

(૩) માહિતી દાતા : આહીર બાબુભાઈ માણદાભાઈ, ઉ.વ.૩૭, ગામ-લખાગઢ(વાગડ)

(૪) 'લોકગીત : તત્વ અને તંત્ર', ડૉ.બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. પ્રથમ આ.-૨૦૦૨

(૫) 'ઝમરખ દીવડો', અમૃત પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. સુધારેલ પ્રથમ આ.-૨૦૧૦

(૬) 'લોકસાહિત્ય તત્વ અને તંત્ર', ડૉ.અમૃત પટેલ, પ્રકા. અમૃત પટેલ, પ્રથમ આવૃત્તિ. ૨૦૧૪.

(૭) માહિતી દાતા :

(૧) નાઈ ત્રિવેણીબહેન રમેશભાઈ, ઉ.વ. ૩૨, ગામ-પ્રાગપર (વાગડ)

(૨) પટેલ બધીબહેન ભચુભાઈ, ઉ.વ.૪૫, ગામ-બાદલગઢ, (વાગડ)

(૩) પ્રજાપતિ સોમીબહેન દાનાભાઈ, ઉ.વ.૬૦, ગામ-ભીમાસર (વાગડ)